# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-06-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

1. કડી અને વિસાવદર વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી માટે આજે અંતિમ દિવસે ભાજપ, કોંગ્રેસ અને આમઆદમી પાર્ટીએ ઉમેદવારી પત્ર ભર્યા
2. ચોમાસાની સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા રાજ્યકક્ષાએ કંટ્રોલ રૂમ શરૂ કરાશે
3. JEE એડવાન્સનું પરિણામ જાહેર- અમદાવાદનો મોહિત દેશમાં 12મા ક્રમ સાથે રાજ્ય પ્રથમ
4. ગત મહિને રાજ્યમાં ચીજ વસ્તુ અને સેવા કર GST હેઠળ 6 હજાર 265 કરોડ રૂપિયાની આવક
5. આગામી 7 દિવસ રાજ્યમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી

-----------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો

# BY-ELECTION

કડી અને વિસાવદર વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરવાનો આજે અંતિમ દિવસ હતો. વિસાવદર બેઠક પર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર કિરીટ પટેલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં પોતાનું ઉમેદવારી પત્ર ભર્યું હતું. બીજી તરફ કોંગ્રેસના નીતિન રાણપરિયાએ પણ પોતાનું ઉમેદવારી પત્ર રજૂ કર્યું હતું. આ પ્રસંગે કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલ હાજર રહ્યા હતા. જ્યારે આમઆદમી પાર્ટી તરફથી ગોપાલ ઇટાલીયાએ ઉમેદવારી નોંધાવી છે.

કડી વિધાનસભા બેઠક પર આજે ભાજપના ઉમેદવાર રાજેન્દ્ર ચાવડા, કોંગ્રેસના ઉમેદવાર રમેશ ચાવડા અને આમઆદમી પાર્ટીના જગદીશ ચાવડાએ ઉમેદવારી પત્ર ભર્યું. અગાઉ પ્રજાશક્તિ ડેમોક્રેટિક પાર્ટીના ગિરીશ કાપડિયા કડી બેઠક માટે ઉમેદવારી નોંધાવી ચૂક્યા છે.

આ બંને બેઠકો પર આગામી 19 જૂને મતદાન થશે, જ્યારે 23 જૂને મતગણતરી હાથ ધરાશે.

ઉલ્લેખનીય છે કે વિસાવદર વિધાનસભા બેઠક પરથી ભૂપત ભાયાણીનું રાજીનામું અને કડી બેઠક પર કરસન સોલંકીનું અવસાન થતાં બંને બેઠકો ખાલી પડી હતી.

----------------

# PANCHAYAT ELECTION

રાજ્યની 8326 ગ્રામ પંચાયતોની ચૂંટણી આજે જાહેરનામું પ્રસિદ્ધ કરાયું.

જે અનુસાર આગામી 22 જૂને મતદાન થશે. જ્યારે મતગણતરી 25 મી જૂનના રોજ થશે. જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ ઉમેદવારી પત્રક ભરવાની મુદત પણ શરૂ થઈ છે. કાર્યક્રમ મુજબ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ 9 જૂન છે. ફોર્મ ચકાસણી 10મી જૂન અને ફોર્મ ખેંચવાની મુદત 11મી જૂન જાહેર થઈ છે. બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં 39 ગામમાં ગ્રામ પંચાયતની ચૂંટણીઓ યોજાશે. આ અંગે દાંતાના મામલતદાર બી સી બારોટે વધુ માહિતી આપી.

**(બાઇટ: બી સી બારોટ મામલતદાર દાંતા)**

----------------

# GANDHINAGAR SEOC MEET

ચોમાસાની સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા રાજ્યકક્ષાએ કંટ્રોલ રૂમ શરૂ કરવાની સાથે ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તૈયાર રખાશે. ગાંધીનગર ખાતે રાજ્યમાં પ્રિ-મોનસૂનની તૈયારી અંગે યોજાયેલી કેન્દ્ર-રાજ્યની વિવિધ એજન્સીઓ-વિભાગોની સમીક્ષા બેઠકમાં મુખ્ય સચિવ પંકજ જોષીએ આ મુજબ જણાવ્યું હતું.

બેઠકમાં સબંધિત વિભાગો તેમજ કેન્દ્રીય સુરક્ષાદળો દ્વારા ચોમાસાની તૈયારી સંદર્ભે પ્રેઝન્ટેશન રજૂ કરાયા હતા. બેઠકમાં મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ જયંતિ રવિએ જણાવ્યું કે આપત્તિ

વ્યવસ્થાપનના ભાગરૂપે રાજ્યના ગ્રામીણ વિસ્તારમાં 'આપદા મિત્રો'ને તાલીમ આપી સજ્જ કરાશે. તેમણે ઉમેર્યું કે, સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા માટે રાજ્યમાં NDRFની 15 તેમજ SDRFની 11 ટીમો ઉપલબ્ધ રહેશે.

----------------

## JEE RESULT

દેશમાં ટોચના ઇજનેરી કોલેજમાં પ્રવેશ માટે લેવાતી સંયુક્ત પ્રવેશ પરીક્ષા-JEE એડવાન્સનું પરિણામ જાહેર થયું છે. રાજ્યના 7 વિદ્યાર્થીઓએ ટોચના 100માં સ્થાન મેળવ્યું છે. અમદાવાદનો મોહિત ઓલ ઇન્ડિયા રેન્કમાં 12મા ક્રમ સાથે ગુજરાતમાં ટોપર બન્યો છે. જ્યારે સુરતનો અગમ શાહ રાજ્યમાં બીજા અને દેશમાં 17મા ક્રમે, અમદાવાદનો મનન પટેલ રાજ્યમાં ત્રીજા અને દેશમાં 43મા ક્રમે, રહ્યો છે. આ ઉપરાંત ઋષભ, શિવેન, કલ્પ શાહ અને વડોદરાના આદિત ભગાડે ટોચના 10માં સ્થાન મેળવવામાં સફળ રહ્યા છે.

----------------

## GUJ. GST REVENUE

ગત મહિને રાજ્યમાં ચીજ વસ્તુ અને સેવા કર GST હેઠળ 6 હજાર 265 કરોડ રૂપિયાની આવક થઈ છે. ગત વર્ષ કરતાં આ વર્ષે GST

આવકમાં 20 ટકાનો વધારો નોંધાયો છે. ગત મહિને રાજ્યને વેટ હેઠળ 2 હજાર 783 કરોડ રૂપિયા, વિદ્યુત શુલ્ક હેઠળ એક હજાર 137 કરોડ રૂપિયા અને વ્યવસાય વેરા હેઠળ 22 કરોડ રૂપિયાની આવક થઈ છે. આમ, રાજ્ય કર વિભાગને GST, વેટ, વિદ્યુત શુલ્ક અને વ્યવસાય વેરા થકી કુલ 10 હજાર 244 કરોડ રૂપિયાની આવક થઈ છે. જાન્યુઆરી-2025 થી સતત દસ હજાર કરોડનો આંકડો પાર થયો છે.

GST Amnesty Scheme, 2024 અંતર્ગત પાત્રતા ધરાવતા કુલ 10 હજાર 643 અરજીઓ પૈકી ગયા મહિના સુધીમાં 60 ટકા અરજીઓનો નિકાલ કરાયો છે જેથી 6 હજાર 400થી વધુ કેસોમાં કરદાતાઓની વસુલાત પૂર્ણ થઈ છે.

---------------

# ADMISSION PROCESS

રાજ્યમાં એન્જીન્યરીંગમાં પ્રવેશ મેળવવા માટેનું એન્જીન્યરીંગ પ્રોવિઝનલ મેરીટ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં 40 હજાર 40 વિધાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું જેમાંથી 38,375 વિધાર્થી મેરીટમાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ડિગ્રી એન્જિનિયરિંગના પ્રથમ વર્ષમાં પ્રવેશ માટેની રજીસ્ટ્રેશનની મુદત પૂર્ણ થઈ છે.જેથી પ્રવેશ સમિતિ દ્વારા વિદ્યાર્થીઓ માટે પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ગુજસેટ આધારિત મેરીટ યાદીમાં 37 હજાર 2 વિદ્યાર્થીઓ અને JEE આધારિત મેરીટમાં 31 હજાર 555 વિદ્યાર્થીઓ છે. જેમાં ફક્ત JEE ઉપર મેરીટ ફાળવેલા હોય તેવા 1 હજાર 373 વિદ્યાર્થીઓ છે. સાથે જ 5 જૂન

સુધી વિદ્યાર્થીઓ પસંદગી  નક્કી કરી શકશે.અને 7 જુને ફાઇનલ મેરીટ લીસ્ટ જાહેર કરવામાં આવશે.

----------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

## GOVERNER - NEW DELHI

નવી દિલ્હીમાં 42મી વૈચારિક ક્રાંતિ શિબિરના સમાપન સત્રને સંબોધતા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે, વૈદિક જીવનશૈલી, નૈતિક શિક્ષણ અને પ્રાકૃતિક કૃષિ જ આત્મનિર્ભર ભારતની આધારશીલા છે. શ્રી દેવવ્રતે યુવાનોને વૈદિક મૂલ્યો આધારિત જીવન જીવવાની શીખ આપી જણાવ્યું હતું કે,  શિક્ષણ, સેવા અને સંસ્કાર – એ જ ભારતનો આત્મા છે. જ્યારે યુવા પેઢી વૈદિક વિચારો સાથે જોડાશે, ત્યારે જ સાચા અર્થમાં રાષ્ટ્રજાગૃતિ થશે.

ઉલ્લેખનીય છે કે, અખિલ ભારતીય દયાનંદ સેવાશ્રમ સંઘ દ્વારા આયોજિત આ શિબિરમાં નવ રાજ્યના યુવાનોએ નેતૃત્વ વિકાસ, સાંસ્કૃતિક ગૌરવ, સામાજિક જવાબદારી અને રાષ્ટ્રહિતમાં યોગદાન જેવા વિષયો પર સંવાદ સત્રોમાં ભાગ લીધો હતો.

----------------

## MAHISAGAR-PM SVANIDHI

કેન્દ્ર સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયની મહત્વની પહેલ- પીએમ સ્વનિધિ યોજનાના 5 વર્ષ પૂર્ણ થયા છે. આ યોજનાના અમલીકરણમાં ગુજરાત અગ્રેસર રાજ્ય બન્યું છે. આ યોજના હેઠળ રાજ્યમાં ગત વર્ષે 4 લાખ 79 હજાર વિક્રેતાઓને સશક્ત બનાવાયા છે. ત્યારે મહીસાગર જિલ્લાના લુણાવાડાના ફળ વિક્રેતા સોનલબેન ભોઇ સરકારનો આભાર વ્યક્ત કરે છે.

**(બાઇટ: સોનલબેન ભોઇ, લાભાર્થી)**

----------------

## RAJKOT-GRIT

ગુજરાત રાજ્ય ઇન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન ‘ગ્રીટ’ની ટીમ રાજકોટ જિલ્લાની મુલાકાતે છે. આ દરમિયાન આ ટીમ લોધિકા ઔદ્યોગિક વસાહત, શાપર-વેરાવળ ઔદ્યોગિક વસાહત, જેતપુર

ટેક્સટાઇલ ક્લસ્ટર, રાજકોટ મશીન ટૂલ ક્લસ્ટર, રાજકોટ બેરિંગ ક્લસ્ટર, ઓટો પાર્ટ્સ યુનિટ તથા જ્વેલરી યુનિટની મુલાકાત લેશે.

'ગ્રીટ' અંતર્ગત ઉદ્યોગના વિકાસને મજબૂત બનાવવા માટે નાના ઉદ્યોગોમાં મશીન ટૂલ્સ, ઓટો પાર્ટ્સ અને કાસ્ટિંગ ઉદ્યોગોમાં ઓટોમેશન અને ડિજિટાઈઝેશનથી ઉત્પાદન ક્ષમતા વધારવી, સૌર ઊર્જા અને ઇલેક્ટ્રિક વાહન ઘટક જેવા ઉદ્યોગોનો વિકાસ અને ટકાઉ વૃદ્ધિ સાથે કરવા તથા GIDC, મેડિકલ ઇક્વિપમેન્ટ, રત્ન અને આભૂષણ ઉદ્યોગ માટે પાર્ક સ્થાપિત કરવા માટે સુયોગ્ય તક ઉપલબ્ધ કરાવાશે.

----------------

## PORBANDAR FISHERMAN

પોરબંદરના માછીમારોને ફીશરીઝ વિભાગ દ્વારા ગત વર્ષમાં વિવિધ યોજનાઓ હેઠળ 62 કરોડ રૂપિયાની સહાય અપાઇ છે. જેમાં એન્જિન પર સબસીડી લાઇફ સેવિંગ્સ એટલે કે લાઈફ જેકેટ લેવા માટે સબસીડી સહિત અંદાજે 8 થી 10 પ્રકારની સબસીડી માછીમારોને અપાઈ હતી. આ અંગે મત્સ્યપાલન અધિકારી ટી. જે. કોટીયાએ વધુ માહિતી આપી.

(બાઇટ – ટી. જે. કોટીયા (ફીશરીઝ અધિકારી)

----------------

## SURENDRANAGAR - AAROPI

સુરેન્દ્રનગરમાં સરકારી તેમજ ખાનગી જમીનમાં મોટા પ્રમાણમાં ખનીજ ચોરી કરી જાહેર સંપતિને નુક્શાન પહોંચાડનાર જિલ્લાના જામવાળી ગામના બે આરોપી રણુભાઈ અલગોતર અને વિજયભાઈ અલગોતરને ચોટીલા પોલીસ દ્વારા ભાગેડુ જાહેર કરવામાં આવ્યા છે. આ બંને ફરાર આરોપીને 30 દિવસમાં હાજર થવા હુકમ ફરમાવવામાં આવ્યો છે.

----------------

## DWARKA DEMOLITION

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયામાં ગેરકાયદેસરના દબાણો દૂર કરવાની કામગીરી ચાલી રહી છે. આજે સ્ટેશન રોડ પાસેની તેલી નદીના વિસ્તારમાં દબાણો દૂર કરાયા હતા. ખંભાળિયા પાલિકાએ 100 જેટલા દબાણકર્તાઓને નોટિસ આપી હતી. નોટિસની મુદત પૂર્ણ થતાં મકાન, દુકાનો સહિતના દબાણો દૂર કરવામાં આવી રહ્યા છે.

----------------

## WEATHER

રાજ્યમાં આગામી 7 દિવસ છૂટા છવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર સાત દિવસ દરમિયાન રાજ્યના મહત્તમ તાપમાનમાં કોઈ મોટા ફેરફારની સંભાવના નથી. હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે જણાવ્યું

કે  રાજ્યમાં ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત તેમજ દક્ષિણ સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.

. . . . . . . . . . .

## CHESS DIVYANG PLAYER

વડોદરાના દિવ્યાંગ ચેસ ખેલાડી દર્પણ ઈનાની ચેસ ક્ષેત્રે રેટેડ ઓપન સાઈટેડ ટુર્નામેન્ટ જીતનાર પ્રથમ ભારતીય દ્રષ્ટિહીન ખેલાડી બનવા સહિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક સિદ્ધિઓ હાંસલ કરી ચૂક્યા છે. ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ખેલાડીની અદભૂત સિદ્ધિઓ અને અદમ્ય ઉત્સાહને બિરદાવ્યો છે.

વર્ષ ૨૦૨૩માં દર્પણભાઈએ દ્રષ્ટિહીન રાષ્ટ્રીય ચેસ ચેમ્પિયનનો ખિતાબ જીત્યો છે. તેમણે વર્ષ 2013માં વિશ્વ જુનિયર ચેમ્પિયનશિપમાં કાંસ્ય ચંદ્રક અને 2018માં ફ્રાન્સમાં આંતરરાષ્ટ્રીય ઓપન ટુર્નામેન્ટમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

----------------

## AHMEDABAD DHARU

અમદાવાદ જિલ્લાના પ્રગતિશીલ ખેડૂતે ધરું ઉછેર કરી લાખોની આવક મેળવી છે. ધોળકામાં રહેતા ઇશ્વરભાઇ કોળી પટેલે જમીન ભાડે રાખીને મરચી, ટમેટા, રીંગણ જેવા શાકભાજી તેમજ ગલગોટાના રોપા ઉછેર્યા છે. તેઓ વર્ષે 40થી 50 લાખ ધરુનો ઉછેર કરે છે જેનાથી તેઓ

વર્ષે અંદાજે 60થી 70 લાખ રૂપિયાનું ટર્નઓવર કરે છે. તેમણે ધરું એક સ્થળેથી અન્ય સ્થળે ખસેડવા ખાસ પ્રકારના ટ્રે અને પ્લાસ્ટિકના કેરેટ બનાવડાવ્યા છે. આ વ્યવસ્થાને કારણે રોપાઓ તૂટ્યા વિના લાંબા અંતર સુધી સ્થળાંતર કરી શકાય છે. તેમણે બાગાયત ખાતા દ્વારા આશરે પોણા ત્રણ લાખ રૂપિયાની સબસીડી પણ આપવામાં આવી છે.

----------------